स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

सुरत महानगर पालिका
बहुजनहिताय बहुजनसुखाय

FIT INDIA

# <u>દિવ્યાંગ ઉમેદવારોએ ધ્યાને લેવા જોગ સુચના</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા ક્રમાંક : પી.આર.ઓ./૭૩૯ તા.૧૧/૦૩/૨૦૨૬ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત અન્વયે આગામી તા.૧૨/૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનસંપર્ક અધિકારી, ત્રીજી શ્રેણી કલાર્ક, સ્ટાફ નર્સ અને ડ્રાઈવરની જગ્યા માટે અરજી કરનાર દિવ્યાંગ ઉમેદવારો પૈકી જેઓ Blindness, Cerebral Palsy કે Locomotor Disabilities (affecting writing ability) ની ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા હોય તેઓને લહિયા(Scribe) ની સુવિધા આપવામાં આવશે. આ ઉપરાંત, અકસ્માત થયેલ અથવા અન્ય કોઈ કારણોસર અસ્થાયી રૂપે (Temporary) દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પણ લહિયાની સુવિધા આપવામાં આવશે. લહિયા માટે Permanent Disability ધરાવતા દિવ્યાંગ ઉમેદવારે પરીક્ષાના ૧૦ દિવસ પહેલા (તા.૦૨/૦૭/૨૦૨૬ ના રોજ સાંજે ૬:૦૦ કલાક સુધીમાં) તેમજ આકસ્મિક સંજોગોમાં ઉકત મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારને શકય એટલું વહેલું સુરત મહાનગરપાલિકાના રીક્રુટમેન્ટ વિભાગને લેખિતમાં / ઈ–મેઈલ (recruitment@suratmunicipal.org) મારફત અરજી કરી (બિડાણ રૂપે સીવીલ સર્જનનું સર્ટીફીકેટ અને/અથવા UDID પ્રમાણપત્ર સહિત) જાણ કરવાની રહેશે. લહિયાની સુવિધા પરીક્ષા લેનાર સંસ્થા દ્વારા અથવા તો સુરત મહાનગરપાલિકા દ્વારા પુરી પાડવામાં આવશે. લહિયા ઉમેદવારને સામાન્ય પરીક્ષાર્થી કરતા દર એક કલાક દીઠ ૨૦ મીનીટ વધારાનો સમય મળવાપાત્ર રહેશે.

**સહી/–**
એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર(આર)
સુરત મહાનગરપાલિકા